

સેક્ટર-૨૪માં એઈસીની ડીપીમાંથી પસાર થતા વાયર્સ આવી રીતે ખુલ્લા જોવા મળી રહ્યા છે. વીજ કંપનીએ લોકહિતમાં સત્વરે મરામત કરવી જોઈએ. (તસવીર : દિપક જાની)

# ડભોડામાં જ્વેલર્સની દુકાનનાં તાળાં તૂટ્યાં

## તસ્કરો ૨૩ હજારથી વધુના દાગીના લઈ પલાયન

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામે વાલ્મીકીવાસ બજારમાં આવેલ એક સોનાની દુકાનને ગત રોજ તસ્કરોએ નિશાન બનાવ્યુ હતું અને અંદરથી આશરે ૨૩,૭૦૦ના સોનાના દાગીના લઈ પલાયન થઈ ગયા હતા. આમ આ મામલે દુકાન માલિકની ફરિયાદના આધારે ડભોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લાના ડભોડા ગામે રહેતા રજનીભાઈ શંકરલાલ સોની ગામમાં જ આવેલ બજારમાં અંબિકા જ્વેલર્સ નામની સોના ચાંદીની દુકાન છેલ્લા ઘણા વર્ષોથી ચલાવે છે. દરમિયાન નિયમિત પણે પોતાની દુકાનને તાળુ મારીને ઘરે જાય છે ત્યારે ગત રોજ કેટલાક તસ્કરોએ મોડી રાત્રે અંધારાનો લાભ લઈ આ દુકાનને પોતાનું નિશાન બનાવ્યું હતું અને દુકાનનું શટર ઉંચુ કરી તેમાં પ્રવેશ કર્યો હતો અને દુકાનમાં રીપેરીંગ કામ અર્થે આવેલ એક સોનાનો દોરો અને બુટ્ટી લઈ પલાયન થઈ ગયા હતા. નિયમ પ્રમાણે સવારે દુકાન માલિક દુકાન ખોલવા માટે દુકાને પહોંચ્યા હતા અને દુકાનનું શટર ઉંચુ જોતા ચોકી ઉઠ્યા હતા અને તાત્કાલિક આ મામલે ડભોડા પોલીસમાં જાણ કરી હતી અને પોલીસે ઘટના સ્થળે આવી તપાસ હાથ ધરી હતી. બાદમાં દુકાન માલિકની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ હાથ ધરી છે.

# બાલાજી મંદિર સે. ૧૬માં શ્રાવણ માસ નિમિત્તે શિવકથા યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરમાં સેક્ટર-૧૬માં આવેલા બાલાજી મંદિર ખાતે બાલાજી મંદિર, મહિલા મંડળ અને બાલાજી ભક્ત મંડળના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦મી જુલાઈ-૨૦૧૨ને શુક્રવારથી બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન શિવપુરાણ કથા યોજાશે.

યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાનાર શિવકથામાં ભવ્ય પોથીયાત્રા, બાર જ્યોર્તિલીંગ પૂજા, પાર્વતી પ્રાગટ્ય, ગણેશ પ્રાગટ્ય, કાર્તિકેય પ્રાગટ્ય, શિવ વિવાહ જેવા અનેક પ્રસંગો ખૂબ જ ધામધૂમપૂર્વક યોજાશે. દેવાધી દેવ મહાદેવજીના ગુણગાન ગાતી શિવપુરાણ કથાને સફળ બનાવવા બાલાજી મંદિર, મહિલા મંડળ, સુંદરધામ પરિવાર અને ભૂપેન્દ્રભાઈ ગરાસિયા સહિયારો પ્રયાસ કરી રહ્યા છે. આ અંગેની વધુ વિગતો અને માહિતી બાલાજી મંદિર, સેક્ટર-૧૬, ગાંધીનગર ખાતેથી મળી શકશે. આ કથામાં નગરજનોને ઉપસ્થિત રહેવા આયોજકો દ્વારા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સેક્ટર-૨૨માં ભાડુઆતે મકાન ખાલી ન કરતાં છરી વડે હુમલો

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર સેક્ટર-૨૨ પંચદેવ મંદિર પાસે પાસપોર્ટ વિજાનું કામ કરતા એક વ્યક્તિ ભાડે લીધેલુ મકાન ખાલી ના કરતા મકાન માલિકની પુત્રી અને તેના એક સાગરીતે ભાડુઆત પર છરી વડે હુમલો કરી ઘાયલ કર્યો હતો જેથી સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી જવા પામી હતી. આ ઘટના બાદ ઘાયલ યુવકે સેક્ટર-૨૧ પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે કલમ ૩૨૪નો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર સેક્ટર-૨૨માં પંચદેવ મંદિર પાસે છેલ્લા ઘણા સમયથી ભાડાના મકાનમાં કલ્પેશભાઈ સોમાભાઈ બ્રહ્મભટ્ટ પાસપોર્ટ વિજાની ઓફિસ ચલાવે છે જે મકાન ધર્મિષ્ઠાબેન પટેલ (રહે. અમદાવાદ)ના માલિકીનું છે. અને જેનો તમામ વહીવટ તેમની દીકરી પાયલબેન પટેલ ચલાવે છે જેને થોડા સમય પહેલા ભાડુઆત કલ્પેશભાઈ બ્રહ્મભટ્ટને મકાન ખાલી કરવા જણાવ્યુ હતું અને જેનો સમય પણ પૂર્ણ થઈ ગયો હતો. પરંતુ મકાન ખાલી ન કરતા મકાન માલિકની પુત્રી પાયલબહેન પટેલે ગત રોજ રાત્રે ૮ વાગ્યાના સમયે મકાને આવી મકાન ખાલી કરવા જણાવ્યું હતું પરંતુ મામલો બિચકતા મકાનમાલિકની પુત્રી સાથે આવેલા એક સાગરીતે છરી કાઢી ભાડુઆત કલ્પેશને છાતી અને હાથના ભાગે ઈજાઓ પહોંચાડી ભાગી છૂટ્યા હતા.

બાદમાં ઘાયલ કલ્પેશે સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં જઈ સેક્ટર-૨૧ પોલીસને આ ઘટના અંગે જાણ કરી હતી. જેથી પોલીસે ફરિયાદીની ફરિયાદના આધારે એક મહિલા અને એક ઈસમ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ તપાસ હાલ પી.એસ.આઈ. બી.એમ. ઝાલા ચલાવી રહ્યા છે.

# પાટના કૂવાના યુવાનોએ ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી

દહેગામ, તા. ૧૪

ઈન્ટરનેટ અને વ્યસન, ફેશનના સમયમાં ટોળટપ્પા કરતા યુવાનો આજે ધર્મ અને ભક્તિથી અળગા થતા રહ્યા છે ત્યારે ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના પાટનાકૂવાના પાંચેક યુવાનોએ સૌરાષ્ટ્રના ભાવનગરમાં આવેલા બગદાણા, ઊંચા કોટડા, તણાજા અને રાજપરા જેવા ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી હતી.

દહેગામ તાલુકાના પાટનાકુવા ગામના અનિલકુમાર જાની, સંદિપભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ, કનુભાઈ પટેલ અને જયંતિભાઈ પટેલે તાજેતરમાં ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ યુવાભક્તિના દર્શન કરાવ્યા હતા. સૌરાષ્ટ્રના ભાવનગરમાં આવેલા બાપા સીતારામના બગદાણા, ઊંચા કોટડા, તળાજા અને રાજપરા જેવા ધાર્મિક સ્થળોની મુલાકાત લઈ સૌએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મૂળ પાટનાકૂવાના વતની અને બગદાણા અને મોનપર પ્રાથમિક શાળામાં પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતા અનિલ પટેલ અને જાબિર મલેકના સહયોગથી મોનયર કન્યા શાળા અને બગદાણા કેન્દ્ર વતી પ્રાથમિક શાળાની પણ મુલાકાત લીધી હતી. શાળાના આચાર્ય ભરતભાઈ પંડ્યા અને મોનપર શાળાના આચાર્ય તથા ભાગવત કથાકાર ભગીરથગીરી ગોસાઈ સાથે પણ મુલાકાત કરી હતી. યુવા મિત્રોએ સમયનો સદ્ઉપયોગ ધાર્મિક સ્થળોની અને સરસ્વતી ધામની મુલાકાત સાથે કરી ધન્યતા અનુભવી હતી.

# આજે અખિલ ભારતીય અતિ પછાત જાતિ વિકાસ મહાસંઘની સાધારણ સભા યોજાશે

ગાંધીનગર, તા. ૧૪

અખિલ ભારતીય અતિ પછાત જાતિ વિકાસ મહાસંઘ ફેડરેશનના કાર્યાલય મંત્રી હરજીવનભાઈ પંડ્યાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, અખિલ ભારતીય અતિ પછાત જાતિ વિકાસ મહાસંઘ ફેડરેશનની સાધારણ સભા આજે તા. ૧૫મી જુલાઈ-૨૦૧૨ના રોજ સર્કિટહાઉસ, એન.એસ.ડી., અમદાવાદ ખાતે બપોરે ૧૨ કલાકે યોજાશે. મહાસંઘની સાધારણ સભામાં આઈ.એ.એસ., આર.એમ. જાદવ અધ્યક્ષ સ્થાને હાજર રહી બેઠકની શોભા વધારશે.

# રાષ્ટ્રીય વિકલાંગ યોજના અન્વયે ૪૪ લાભાર્થીઓને ધિરાણ

ગાંધીનગર, તા. ૧૪

સમાજ સુરક્ષા ખાતા દ્વારા ચાલુ વર્ષે ૪૪ લાભાર્થીઓને ૧૭.૭૫ લાખનું ધિરાણ કરવામાં આવ્યું છે. આ અન્વયે વિભાગકક્ષાએથી પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર એન.એચ.એફ.ડી.સી. ધિરાણ નિતીમાં સબસીડીની જોગવાઈ નથી. પરંતુ વિકલાંગોને ધિરાણના વ્યાજદરમાં પુરૂષ માટે વ્યાજદર ૫ ટકા અને સ્ત્રી માટે ૪ ટકા નિયત કરાયો છે. આ યોજના અન્વયે એન.એચ.એફ.ડી.સી. ફરીદાબાદ તરફથી ૧૦૦ ટકા ફંડની ફાળવણી થતી હોવાથી ફંડ ઉપલબ્ધ થાય તે મુજબ ધિરાણ ચુકવવામાં આવે છે.

# સમસ્ત બ્રહ્મ સમાજ સે-૨૩ શાખાના હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩ શાખાની કારોબારીની બેઠક તાજેતરમાં મળી હતી. જેમાં શાખાના કારોબારી હોદ્દેદારો અને સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

સમસ્ત બ્રહ્મ સમાજ સેકટર-૨૩ના પ્રમુખ તરીકે પ્રદીપભાઈ દવે, મંત્રી તરીકે મેહુલભાઈ દવે, કન્વીનર તરીકે મયંકભાઈ ભટ્ટ, સહ કન્વીનર તરીકે મુકેશભાઈ શુકલ, ખજાનચી તરીકે અતુલભાઈ ત્રિવેદી, ઉપપ્રમુખ તરીકે મુકેશભાઈ શુકલ, મયંકભાઈ ભટ્ટ, બિપીનભાઈ જાની, પૂનમભાઈ ભટ્ટ, નરેન્દ્રભાઈ મહેતા, કેવલરામ જોષી, સહમંત્રી તરીકે અશોકભાઈ પંડયા, જીતુભાઈ રાવલ, તપનભાઈ ત્રિવેદી, સંગઠન મંત્રી તરીકે મહેશભાઈ જાની, ભાસ્કરભાઈ વ્યાસ, જયેશભાઈ આચાર્ય, કારોબારી સભ્યો તરીકે ગીરીશભાઈ ઠાકોર, ભાગ્યેશભાઈ દવે, સંજયભાઈ પંડયા, મહેશભાઈ વ્યાસ, દિલીપભાઈ જાની, અરવિંદભાઈ પંડયા, કીર્તિભાઈ ભટ્ટ, પ્રશાંતભાઈ જોષી, આનંદભાઈ જોષી, ચિંતનભાઈ ભટ્ટ, ધવલભાઈ રાવલ, ચિરાગભાઈ ત્રિવેદી, રવિભાઈ રાવલ, ઋષિકેશભાઈ મહેતા, સુમિતભાઈ વ્યાસ, ચિંતનભાઈ જાની, પાર્થભાઈ ભટ્ટ, મૌલિકભાઈ દવે અને હાર્દિકભાઈ દવે તથા સલાહકાર તરીકે પંકજભાઈ શુકલ, મુકેશભાઈ દવે, દિલીપભાઈ જાની, પરેશભાઈ દવે, બંકીમભાઈ મહેતા અને નરેન્દ્રભાઈ વ્યાસની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.

# ગૂર્જર સમાજની ડિરેક્ટરીનો વિમોચન સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૪

પથિક સોના સંગઠન, ગુજરાત પ્રદેશ દ્વારા ગુજરાતમાં વસતા ગૂર્જર સમાજના સભ્યોની વિગતો આપતી ડિરેકટરીનો વિમોચન સમારોહ ગતરોજ ડૉ. આંબેડકર હોલ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

ગુજરાત પ્રદેશના પથિક સેના સંગઠને સમગ્ર ગુજરાતમાં વસતા ગૂર્જર સમાજના સભ્યોની યાદી એકત્રિત કરાવી હતી અને તેને યોગ્ય સ્વરૂપ આપી નામોની યાદી સાથે ડિરેકટરી તૈયાર કરાવી છે. આમંત્રિત મહેમાનો અને સમાજના સભ્યોની હાજરીમાં સમગ્ર ડિરેકટરીનું વિમોચન યોજવામાં આવ્યું હતું. સમાજના સભ્યોએ આ પ્રસંગે ખાસ હાજરી આપી હતી.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૨

સૂર્યાસ્ત : ૭.૨૮

## તાપમાન

મહત્તમ : ૩૪.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૧ ટકા ● સાંજે ૬૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: સ્ક્રીન-૧ :

કૉકટેલ : ૧૧.૦૦, ૧.૪૫, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

કૉકટેલ : ૧૦.૦૦

બોલ બચ્ચન : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

કૉકટેલ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૪ :

બોલ બચ્ચન : ૨.૧૫, ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

કેવી રીતે જઈશ : ૯.૪૫

કૉકટેલ : ૧૨.૩૦, ૬.૩૦, ૯.૩૦

ધ અમેઝીંગ સ્પાઈડરમેન -૩ડી(હિન્દી) : ૩.૩૦

: સ્ક્રીન-૨ :

બોલ બચ્ચન : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

કૉકટેલ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

કૉકટેલ : ૯.૦૦, ૩.૦૦

બોલ બચ્ચન : ૧૨.૦૦, ૬.૦૦, ૯.૦૦

### સૂર્યા, વાવોલ

હોન્ટેડ હાઉસ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

ટ્રેડ એક જંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- ગુજરાત વિદ્યુત કર્મચારી ઉત્કર્ષ મંડળ દ્વારા સ્નેહ મિલન સમારંભ સવારે ૯.૩૦ કલાકે.
- બપોરે ૧.૦૦ કલાકે ધી વસુધા ક્રેડીટ કો.ઓ. સોસાયટી દ્વારા વાર્ષિક સાધારણસભા તથા તેજસ્વી તારલાઓનું સન્માન સમારંભ યોજાશે.

### ટાઉન હોલ

- જૈન સોશ્યલ ગ્રૂપ ગાંધીનગર દ્વારા સવારે ૧૧.૦૦ કલાકે અંતાક્ષરી સ્પર્ધા યોજાશે.

## આપની આજ

**મેષ** : ઘણા સમયથી આરંભાયેલા કાર્યોનું પરિણાન શુભ આવશે. કૌટુંબિક જવાબદારીઓ પ્રત્યે ધ્યાન વધારે આપવુ પડશે. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. દિવસ આપનો ઉત્સાહ અને આનંદથી પસાર થઈ શકશે.

**વૃષભ** : વ્યાપારક્ષેત્રે આપના પ્રયાસોથી ઉન્નતિનો માર્ગ મોકળો થશે. અનાયાસ જ ધન લાભ થવાની સંભાવના છે. સામાજિક કાર્યોમાં રુચિ લેશો. નોકરીમાં આપના કાર્યોની પ્રસંસા થશે.

**મિથુન** : આપે જે ભાગ્ય પર છોડીને કરેલા કાર્યોમાં અનુકૂળતા મળશે. માંગલિક ઉત્સવોમાં સામેલ થવાનો અવસર આવશે. કારણ વગર કોઈની સાથે તકરારમાં ન ઉતરવું.

**કર્ક** : આપના દ્વારા પ્રયોજાયેલા નવા વ્યાપારિક કરારો દ્વારા આર્થિક કાર્યના વિસ્તાર સંબંધી કાર્ય થશે. ધન યોગ કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્યોમાં ભાગદોડ કરાવી શકે છે.

**સિંહ** : જમીન- મિકલત સંબંધી તથા જમીન સાથે સંકળાયેલા વ્યવસાયલક્ષી કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. નવી યોજનાઓ પ્રારંભ થઈ શકશે. પોતાના પ્રયત્નોથી લોકપ્રિયતા અને સામાજિક સન્માન પ્રાપ્ત કરશો.

**કન્યા** : ભૂલ કરવાથી વિરોધીઓ આપના પર હાવિ થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમતાથી લાવવો. વ્યવસાયિક લાભ થવાની સંભાવના છે.

**તુલા** : નોકરી, વ્યાપાર- વ્યવસાયક્ષેત્રમાં ભાગ્યવર્ધક સફળ યાત્રાનો યોગ છે. વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. આર્થિક પ્રશ્નોનું નિકારણ થઈ શકશે. પરસ્પર સંબંધોને મહત્વ આપો.

**વૃશ્ચિક** : કર્મક્ષેત્રમાં આપની કોઈ શોધ દ્વારા માન- સન્માનમાં વૃદ્ધિ થવાનો યોગ છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થવાની સંભાવના છે. લગ્નવાંચ્છુકો માટે યોગ્ય જીવનસાથી પસંદ થઈ શકશે.

**ધન** : વહીવટના ક્ષેત્રોમાં ઉચ્ચસ્તરીય, કુટુંબમાં માંગલિક કાર્યોનો થવાનો યોગ બને છે. ધર્મ, આધ્યાત્મ, જ્ઞાન વૃદ્ધિના કાર્યોમાં સમય પસાર થઈ શકે છે.

**મકર** : આપની આર્થિક સ્થિતિમાં સુધારો થતો જણાય. સ્વજનોથી મેળમેળાપ વધે તેવા પ્રયત્નો કરવા. ખાનપાનમાં સાવધાની રાખવી.

**કુંભ** : અતિશય કોઈપર વિશ્વાસ ન મુકવો. વ્યવસાયિક યોજનાઓ સ્વયંની પ્રતિષ્ઠા અને માન- સન્માનને અનુરૂપ કાર્ય થઈ શકશે. ધન સંચય થઈ શકશે.

**મીન** : આપે ધારેલા મહત્વના કાર્યો પૂર્ણ થવાની સંભાવના છે. નવા વિચાર કે યોજના પર ચર્ચા વિચારણા થશે. સામાજિક અને રાજકીય પદ- પ્રતિષ્ઠા અને ખ્યાતિમાં વૃદ્ધિ થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. કરશનજી જવાનજી ઠાકોર (ઉ.વ. ૪૫) મુ.પો. ધોળાકુવા, તા.માણસા, જિ. ગાંધીનગર.
- સ્વ. જગદીશચંદ્ર માયારામ શાહ (ઉ.વ. ૬૮) મુ.પો. મોટા ચિલોડા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. મંગુબેન બબલદાસ પંચાલ (ઉ.વ. ૮૫) મુ.પો. આલમપુરા, તા., જિ. ગાંધીનગર.

# વિશિષ્ટ બાળકોના વાલીઓનું વિશિષ્ટ સંગઠન : સાધના

## પોતાનાં પાલ્યો ઉપરાંત અન્યોને પણ સહાયરૂપ થઈ શકે એવું વાલીઓનું સ્તુત્ય પગલું



૧ જુલાઈના ગાંધીનગર સમાચારમાં આપણે અહીં જોઈ ગયા કે ગાંધીનગરના એક સમાજપ્રેમી અને કર્મઠ યુવાન જિજ્ઞેશ રાવલે કેવી રીતે ગાંધીનગરમાં માનસિક વિશિષ્ટ બાળકો માટેના ગરબા મહોત્સવનો આરંભ કર્યો ને કેવી રીતે એ ગરબા મહોત્સવ પછી શારીરિક ને માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટેનો નિયમિત કાર્યક્રમ બની ગયો.

એ લેખમાં છેલ્લા ફકરામાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો : 'ગ્રોના ઉપક્રમે પછી તો વિશિષ્ટ બાળકોના વાલીઓની નિયમિત માસિક બેઠકનું પણ આયોજન કરાયું, જે કારણે આવા વાલીઓ સંગઠિત થયા અને બાળકોની વિશિષ્ટ તાલીમ માટે એકમેક સાથે ચર્ચા પણ કરી શક્યા. આ વાલીઓ દ્વારાય એક સંસ્થાની રચના કરવામાં આવી.'

આ બાબતનું અનુસંધાન અહીં સાધવું છે. માનસિક વિશિષ્ટ બાળકોનું એક સંગઠન અમદાવાદમાં કાર્યરત છે એ બાબતની માહિતી તો ગાંધીનગરમાં વસતાં વિશિષ્ટ બાળકોના વાલીઓને હતી જ અને બે-ચાર વાલીઓ પ્રસંગોપાત આવી બેઠકોમાં જતા પણ ખરા. પરંતુ અમદાવાદ હોવાને કારણે નિયમિત જવું શક્ય બનતું નહીં.

એ બાબતની શરૂઆત ગાંધીનગરમાં જિજ્ઞેશ રાવલે કરી. ટાઉનહૉલ સામેની લોનમાં મહિનામાં એક રવિવારે પોતાને પરિચિત હોય એટલાં માનસિક વિશિષ્ટ બાળકોના વાલીઓને તેણે એકત્ર કરવાનું શરૂ કર્યું. એ વાલીઓ પણ આવા જે વાલીઓના સંપર્કમાં હોય એમને લાવવાનું શરૂ કર્યું. આમ કરતાં કરતાં આ બેઠકમાં આવનારા વાલીઓની સંખ્યા વધવા લાગી.

બેઠકનો હેતુ બહુ સ્પષ્ટ હતો. માનસિક વિશિષ્ટ બાળકોને વિશિષ્ટ સાચવણી અને કાળજીની જરૂર પડે છે, એમને ખાસ તાલીમની પણ જરૂર પડે છે. થોડા વાલીઓને આ બધી બાબતોની સમજ ને જાણકારી હોય છે પરંતુ ઘણાં વાલીઓને નથી હોતી. આવા વાલીઓ એકબીજા સાથે મળે, એકબીજાના અનુભવો વહેંચે તો પોતાના બાળક માટે શ્રેષ્ઠ તાલીમ અને શ્રેષ્ઠ જીવનની પસંદગી તેઓ સરળતાથી કરી શકે. વાલીઓને પરસ્પર જ એવા ઉપાયો મળી જાય કે જેના કારણે પોતાનાં વિશિષ્ટ બાળકોનો ઉછેર તેઓ સારી રીતે કરી શકે. આ અંગેના કાર્યક્રમો કે નિષ્ણાત અંગેની વાત કોઈ વાલીની જાણમાં આવે તો તે અન્ય વાલીઓને જણાવી શકે ને સરવાળે એકસાથે અનેક બાળકોનું ભલું થઈ શકે એવો આ સંગઠનનો હેતુ ખરો. એ હેતુ સિદ્ધ પણ થતો લાગ્યો ને વાલીઓ ખુશ પણ થયા.

વાલીઓ પોતે જ પોતાનું સંગઠન રચે ને ચલાવે એવો જિજ્ઞેશ રાવલનો હેતુ અહીં સિદ્ધ થયો. વાલીઓએ વિધિવત્ સંસ્થાની રચના કરી અને નામ આપ્યું 'સાધના.' (હકીકતે વિશિષ્ટ બાળકોના માતા-પિતાનાં જીવન સાધનાથી કંઈ કમ નથી. એ અર્થમાં આ નામ કેટલું સાર્થક છે !)

એ પછી વાલીઓ જ આવી બેઠકો યોજવા લાગ્યા અને વાલીઓ જ વિભિન્ન કાર્યક્રમો કરવા લાગ્યા. આજે 'સાધના'માં પચાસેક વાલીઓ સભ્ય છે અને તે સૌ નિયમિત મળે છે. અમદાવાદનાં વિશિષ્ટ બાળકોના વાલીઓનું જે ગૃપ છે, તેની સાથે પણ તેઓ નિયમિત બેઠકો યોજે છે અને છેલ્લામાં છેલ્લી જાણકારીથી વાકેફ રહે છે.

આ ઉપરાંત સમયાંતરે સાંસ્કૃતિક કે સામાજિક કાર્યક્રમોનું આયોજન પણ સાધના કરતી જ રહે છે, જેનો મૂળ હેતુ પોતાનાં વિશિષ્ટ બાળકોને સમાજ વચ્ચે લાવવાનો હોય છે.

છેલ્લાં બે વર્ષથી વિશિષ્ટ બાળકો માટેનો ગરબા કાર્યક્રમ 'બાળુડાના ગરબા' યોજાય છે તેમાં સાધનાના સભ્યોનું સંચાલન ઉલ્લેખનીય હોય છે. આ કાર્યક્રમ સ્વતંત્રપણે સાધના જ કરે એવો પણ 'જી ઈ ક્લબ' અને 'ગ્રો'નો મત ખરો.

એકબીજાનો સહકાર મળતાં ને સંગઠન થતાં સાધનાના સભ્યો પણ હવે આગળ આવતા થયા છે ને એમનો આત્મવિશ્વાસ પણ વધ્યો છે. તેથી આગામી દિવસોમાં સાધનાનું નામ વિશિષ્ટ બાળકો માટે થતી નવિનતાપૂર્ણ પ્રવૃત્તિઓમાં આવે તો નવાઈ નહીં. ભાનુભાઈ ચૌહાણ, ગંગારામભાઈ પટેલ, ઠક્કરભાઈ, તરૂણ વર્મા, પ્રજ્ઞેશ પટેલ અને અન્ય વાલીઓએ સમયસર એક કદમ લીધું છે, જે આગામી દિવસોમાં એમના પાલ્યો માટે તો ઠીક, આવાં અન્ય બાળકો ને વાલીઓ માટે પણ ઉપયોગી થઈ પડશે એ વાત નિઃશંક છે.

સંબંધ સજાવે જિંદગી

**હરતાં-ફરતાં સાવ અચાનક**

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com